**ડાયરેક્ટ ❤ સે**

સાધનોના સહારે યોગ્યતા
યોગ્યતાના સહારે સફળતા
અને સફળતાના સહારે
સુખ-સુવિધા પ્રાપ્ત થાય છે.

# જન્મદિને વધામણી



**ડો. હિમાંશુ પટેલ**
પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર
નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય.
- સંપાદક

# દિવ્યાંગો માટે રાષ્ટ્રકક્ષાની પ્રથમ ખેલો ઈન્ડીયા સ્પર્ધા ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૭

મિનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ દ્વારા દિવ્યાંગ રમતવીરો માટે ખેલો ઈન્ડીયા આયોજન કરવામાં આવે છે. મિનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ દ્વારા ખેલો ઈન્ડીયામાં જિલ્લા રમતોત્સવ, રાજ્ય રમતોત્સવનું આયોજન દરેક રાજ્યોમાં કરવામાં આવેલ હતું. હવે દેશમાં સૌ પ્રથમ વખત ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન માનસિકક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે કરવામાં આવી રહયું છે જેની સંપૂર્ણ જવાબદારી સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત-ગુજરાત ને આપવામાં આવી છે. ખેલો ઈન્ડીયા (દિવ્યાંગ) નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન પાંચથી ૯ જુલાઈ દરમ્યાન ગુજરાત નેશનલ લો યુનીવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારોહ ૬ઠ્ઠી જુલાઈના રોજ સાંજે ૭.૦૦ વાગે ગુજરાત નેશનલ લો યુનીવર્સિટી ખાતે કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે દિવ્યાંગ રમતવીરો માટે ખેલ મહાકુંભ સાથે સ્પેશ્યલ ખેલ મહાકુંભનું આયોજન પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પેશ્યલ ખેલ મહાકુંભ દ્વારા વિજેતા દિવ્યાંગ રમતોવીરોને રોકડ પુરસ્કાર, મેડલ, ટી શર્ટ અને ટ્રેકશુટ આપવામાં આવે છે. તદઉપરાંત દિવ્યાંગો માટે ગુજરાત સરકારશ્રી દ્વારા ખેલકૂદ માટે નવી સ્પોર્ટસ પોલિસી - ૨૦૧૬ અમલમાં મૂકવામાં આવી છે જેમાં આ સ્પોર્ટસ પોલિસીમાં સરકારે દિવ્યાંગ રમતવીરો ની પણ વિશેષ કાળજી રાખી તેમને સ્થાન આપી સમાવેશ કર્યો છે. જે ખૂબ જ ઉમદા કાર્ય છે. જેના અંતર્ગત હવેથી વધુમાં વધુ દિવ્યાંગ રમતવીરો ગુજરાતના ખેલકૂદ રમતોત્સવમાં ભાગ લેશે અને પોતાના આગવા કૌશલ્ય દ્વારા પોતાની કારકિર્દી ઘડવાના અથાગ પ્રયત્નો કરી પોતાનું ઉમદા પ્રભુત્વ દેખાડી સફળતા મેળવી ગુજરાત રાજયનું નામ માત્ર ગુજરાત પૂરતું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ઉજ્જવળ કરશે.




સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારતના આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, બીહાર, છતીસગઢ, દિલ્હી, ગોવા, ગુજરાત, હરયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મનિપુર, નાગાલેન્ડ, ઓડિશા, પોડિંચેરી, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલાંગાંણાં, ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ અને વેસ્ટ બંગાલ એમ કુલ ૨૬ રાજયોમાંથી ખેલો ઈન્ડીયા(દિવ્યાંગ)માં રાજય સ્તરે વિજેતા રમતવીરો ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપમાં રમતોવીરો ૪૪૮ ભાઈઓ અને ૨૨૦ બહેનો ભાગ લેશે. આ દિવ્યાંગ રમતવીરો સાથે કોચ ૧૦૫ ભાઈઓ અને ૬૩ બહેનો, ૨૫૦ ઓફિશ્યલ, ૨૦૦ વોલિન્ટીર્યસ, ૧૦૦ ઓર્ગેનાઈસીંગ મળીને કુલ ૧૩૮૬ આ ચેમ્પીયનશીપમાં ભાગ લેવા જઈ રહયાં છે.

સ્પેશ્યલ ઓલિમ્પિકસ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે વિશ્વના ૨૦૦ દેશોમાં માનસિકક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે રમતોનું આયોજન કરે છે જુલાઈ માસમાં સ્પેશ્યલ ઓલિમ્પિકસને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહયા છે આ ઉપલક્ષમાં એક વર્ષ સુધી માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ રમતવીરો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે જેની શરૂઆત ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપથી કરવામાં આવી રહી છે અને તે પણે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે જે ગુજરાત માટે ગર્વની વાત છે.

# માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે સાહિત્યપ્રેમીઓએ કાર્યશાળા આરંભી




ગાંધીનગર, તા. ૨૭

'મારી ભાષા, મારું ગૌરવ'ની ઉક્તિને સાર્થક કરતા બાળ વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ હર્ષદ પ્ર શાહની અધ્યક્ષતા હેઠળ 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ની શરૂઆત થઈ છે. આ કાર્યક્રમ હેઠળ ગુજરાતી ભાષા સંવર્ધન, સજ્જતા અને સંરક્ષણનું કાર્ય કરવા રવિવારે બાયસૅગમાં કાર્યશાળાનું આયોજન થયું હતું.

આ કાર્યશાળામાં ડૉ. રાજીવ પ્રસાદ, કવિ ભાગ્યેશ જહા અને મહેસાણાથી નિવૃત્ત આચાર્ય જેઠાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. હર્ષદ પ્ર શાહે ગુજરાતી ભાષા આપણે શીખીને અન્યોને શીખવવાની છે અને એ માત્ર ગાંધીનગર પૂરતું સીમિત ન રહેતાં ગુજરાતમાં તેનો વ્યાપ વધારવાનો છે, એવી હિમાયત કરી હતી.

મહેસાણાના જેઠાભાઈ જોડણીવાળાએ તો વ્યાકરણ સુધારવાની સુંદર, રસપ્રદ, નમૂના સાથે માહિતી પિરસીને સૌનું જ્ઞાન તપાસ્યું અને સુધાર્યું પણ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, કવિ કિશોર જીકાદરા, સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ, પ્રા. સંજય પટેલ, ડૉ. જય ઓઝા, ઉર્વિ અમીન સહિત અનેક ગુજરાતીપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કવિ ભાગ્યેશ જહાએ ગુજરાતી ભાષાના માહાત્મ્ય સાથે તેનો વ્યાપ કેવી રીતે વધારી શકાય તે અંગેની માહિતી પોતાની આવી શૈલીમાં આપી હતી.

ઉલ્લેખનીય છે કે ગુજરાતી ભાષાશુદ્ધિ માટેની આ કાર્યશાળા દર માસે બીજા અને ચોથા શનિવારે બાળ વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૨૦ ખાતે યોજાશે, જેનો લાભ લેવા સૌ ભાષાપ્રેમીઓને ખુલ્લું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સી એમ પટેલ કૉલેજનાં આસી. લાયબ્રેરીયન અંજના પી બારોટ પીએચડી થયાં



ગાંધીનગર, તા. ૨૭

સી. એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન અંજના પી બારોટને 'એ સ્ટડી ઓફ યુનિવર્સિટી લાઈબ્રેરીઝ ઈન ગાંધીનગર સીટી ઓફ ગુજરાત' શોધનિબંધ માન્ય રાખીને રાય યુનિવર્સિટી, ધોળકા - અમદાવાદ. દ્વારા ડો. કિરીટ એચ શુક્લ, ગ્રંથપાલ, ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શન હેઠળ ડોકટર ઓફ ફિલોસોફી (પીએચ.ડી) પદવી એનાયત કરવામાં આવી છે તેમની આ સિદ્ધિ બદલ કોલેજના પ્રિન્સીપાલ પ્રો. રાજેશ રાવલ, કેમ્પસ ડાયરેકટર ડો. આર. જે. વ્યાસ, તમામ સ્ટાફ સભ્યો તથા માર્ગદર્શકશ્રી ડૉ. કિરીટ શુકલએ અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વચ્છ ભારત અભિયાન પ્રચાર અર્થે શહેરમાં બુલેટ રેલી નીકળી




ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત બુલેટ વર્લ્ડના સંચાલક વનરાજસિંહ બુલેટ મોડિફિકેશન માટે આદરભર્યું નામ ધરાવે છે. એમનાં શોરૂમના પ્રથમ વર્ષની ઉજવણીના ભાગરૂપે એમણે સ્વચ્છ ભારત અભિયાન પ્રચાર રેલીનું આયોજન કર્યું હતું.

ગાંધીનગરના ૭૦ બુલેટ રાઈડર્સ આ રેલીમાં જોડાયા હતા. ગાંધીનગરના સ્વચ્છતા ઍમ્બેસેડર જનક ઠક્કર, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત અને પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાના હસ્તે આ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

બુલેટ રાઈડર્સે બબ્બેની કતારમાં શિસ્તબદ્ધ રીતે સ્વચ્છ ભારતનાં વૈવિધ્યસભર બૅનર્સ લઈને બુલેટ રેલીનો ગાંધીનગરના મુખ્ય માર્ગો પર ફેરવી હતી. આ પ્રસંગે અનેક બુલેટ શોખીનો પણ ઉપસ્થિત રહ્યા હતા. વરસાદ પછી થનારી ગંદકીની સ્વચ્છતા માટે ગાંધીનગરના બુલેટ રાઈડર્સે આ અભિયાન પ્રથમ વરસાદની સાક્ષીએ છેડ્યું હતું.

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ દ્વારા યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કૉલેજના સ્ટાફ, વિદ્યાર્થિનીઓ, સ્વયંસેવિકાઓ અને ઍનઍસઍસ કૅડેટ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં યોગ પ્રશિક્ષક તરીકે દંતાલી શિવાશ્રમના ડૉ. જીતુભાઈ પંચાલ, લકુલેશ યુનિવર્સિટીનાં વર્ષાબેન દવે અને મેઘલબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં. ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર અને સંસ્થાનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ આ પ્રસંગે સૌને નિયમિત યોગ કરવાનો અનુરોધ કર્યો હતો.



એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળા ના કુલ ૪૭૬ બાળકોએ બોરીજમાં આવેલ વનચેતનાની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોએ વિવિધ છોડો વિષે માહિતી તેમજ છોડોનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું. આ બાળકોની સાથે જે તે વર્ગના શિક્ષકો ગયા હતા. બાળકોએ કુદરતી વાતાવરણની મજા માણી હતી.

# અમદાવાદમાં 'કાર્ટૂન સૅલ્ફી' પ્રદર્શનનો પ્રારંભ




ગાંધીનગર, તા. ૨૭

ફિનાર ગ્રુપ હવે પબ્લીકેશન ક્ષેત્રે પદાર્પણ કરી રહ્યું છે '21st Century Studio Publication LLP'ના નેજા હેઠળ 'કાર્ટૂન સેલ્ફી' શીર્ષકથી ગુજરાતી ભાષામાં એક માત્ર એવા કાર્ટૂન, હાસ્ય-વ્યંગનું માસિક સામયિક શરૂ થયું છે. બુધવારે રવિશંકર રાવલ કલાભવન, લૉ ગાર્ડન ચાર રસ્તા, એલિસબ્રિજ ખાતે સામયિકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાથે ખુબ લોકપ્રિય નીવડેલ તેમજ લલિત કલા અકાદમી અને હાઈ કમીશન ઓફ ઈન્ડિયા (યુ.કે)ના સહયોગથી નહેરુ સેન્ટર, લંડન ખાતે પ્રદર્શિત થઈ ચૂકેલ અશોક અદેપાલની કાર્ટૂન શ્રેણી 'કાર્ટૂન સેલ્ફી' નું પાંચ દિવસનું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

# કલાગુર્જરી દ્વારા હિંદી-ગુજરાતી ગીતોના સંગમનો કાર્યક્રમ

ગાંધીનગરની સાંસ્કુતિક સંસ્થા કલાગુર્જરીએ બારમા વર્ષમા પ્રવેશ કર્યો. આજ સુધી આ સંસ્થાએ એક એકથી ચઢિયાતા, ચીલાચાલુ સંગીતના કાર્યક્રમની જગ્યાએ અલગ જ કાર્યક્રમો આપેલ છે. આ કાર્યક્રમમાં હિંદી ફિલ્મ જગતના નામી પાર્શ્વગાયકો એ ગાયેલા ગુજરાતી ગીતો અને એજ ગાયકે ગાયેલ હિંદી ગીતોના સંગમનો કાર્યક્રમ હતો. બધા જ ગીતો સદાબહાર ગીતો હતા. ગાંધીનગરમા આવો આગવો કાર્યક્રમ પહેલીવાર થયો.

થોડા જ દિવસ પહેલાં, કલાગુર્જરીના પેટ્રનશ્રી કુંવરજીભાઈનુ અવસાન થયેલ. એટલે કાર્યક્રમની શરુઆત, શોકાંજલિ દ્વારા કરવામાં આવી. સુશ્રી દર્શના ગાંધીએ એના ભાવવાહી અવાજમાં "મંગળ મંદિર ખોલો" પ્રાર્થનાથી વાતાવરણ શાંત અને પવિત્ર બનાવી દિધું. એ પછી કાર્યક્રમનું પહેલુ ગીત શહેનશાહે તર્ન્નુમ રફી સાહેબના અવાજમાં "પુકારતા ચલા હુ મૈ...." ગાઈ, ચિરાગ દેસાઈએ કાર્યક્રમનો ઉઘાડ જોરદાર કરી આપ્યો. ઉદ્‌ઘોષક શ્રી તુષારભાઈ એ કહ્યું કે હિંદી ગીત પહેલાં હિંદીમા, જ્યારે ગુજરાતી ગીતો પહેલા, ગુજરાતીમાં એ રસ દર્શન કરાવશે. આ પણ આ કાર્યક્રમની એક વિશિષ્ટતા બની રહી. મહમદ રફીએ ઘણા ગુજરાતી ગીતો અને ગઝલ ગાઈ છે. પણ પસંદગી ઉતરી "કહુ છુ જવાનીને પાછી વળી જા કે ઘડપણ.." જેણે ગઝલના રસિયાઓને ઝુમતા કરી દીધા. એ પછી જ્યોતિ ક્રિશ્ચીયને ભારતની કોયલ લતા મંગેશકરે ગાયેલ 'અનારકલી' ફિલ્મના ગીત "યે જિંદગી ઉસી કી હૈ, જો કીસીકા હો ગયા"ની રજુઆત સાથે કાર્યક્રમમાં પ્રવેશ કર્યો અને શ્રોતાઓને ડોલાવી દીધા અને એમના મનોઃચક્ષુ સમક્ષ અનારકલી ખડી કરી દિધી. એ પછી લત્તાજીએ ગાયેલ ભગા ચારણની અમર રચના, "માને તો મનાવી લેજોજી, એ ઓધાજી મારા વહાલાને વઢીને કહેજો." ગાયું. એ સાથે જ હોલમાં બેઠેલાં ભાવકો, ગોપીઓ ઓધવજીને જાણે આંખ સામેજ વિનવતિ હોય એવી અનુભુતિ કરવા લાગ્યા. ત્યારબાદ નીરજ પાઠકે બલરાજ અભિનિત 'વક્ત' નું મન્નાડેએ ગાયેલ 'અય મેરી જોહરા જબી' ગાયું, જેનો અંતરો શરુ થાય એ પહેલાં જ પ્રેક્ષકો તાલીઓ દ્વારા ઠેકો દેવા લાગ્યા. આ ગીત માટે વન્સ મોરની માંગણી રજુ થઈ. એ પછી નીનુ મજમુદારના સ્વરાંકનમાં મન્નાડે એ ગાયેલ સદાબહાર અને કાર્યક્રમનું શીર્ષક ગીત 'પંખીઓએ કલશોર કર્યો ભાઈ, ધરતીને સુરજ ચુમ્યો' નીરજ પાઠકે એ જ અંદાજમાં ગાયું, જેને પ્રેક્ષકોએ ઉમળકાથી વધાવી લીધું. ત્યારબાદ આશા ભોસલેના સ્વરમા ફિલ્મ બીજલીની સંગીતકાર રોશનની કવ્વાલી 'નિગાહે મિલાને કો જી ચાહતા હૈ'ની દર્શના ગાંધીએ ધમાકેદાર રજુઆત કરી. અનેક તાન પલટાવાળું થોડુ અઘરુ ગીત ખુબ જ સરળતાથી ગાયું. પણ જ્યારે ઉદઘોષકે જણાવ્યુંકે દર્શનાની તબિયત સારી નહોતી, તાવ અને ગળું ખરાબ હતું, છતાં જે સહજતાથી ગાયું કે સૌ કોઈએ કલાકારને પુનઃ તાળીઓથી વધાવી લીધી. એ પછી આજકાલના કોઈ પણ ગુજરાતી ગીતોના કાર્યક્રમમાં જે અચુક ગાવામાં આવે છે એ આશા ભોસલેના સ્વરમાં ગવાયેલ 'સાંવરીયો રે, હુ તો ખોબો માંગું ને દઈ દે દરિયો' કે જે કવિ રમેશ પારેખની રચના અને ગૌરાંગ વ્યાસે સ્વરબદ્ધ કરેલ તે દર્શના ગાંધીએ સુંદર અવાજમાં ગાઈ દાદ મેળવી.

અનોખા અવાજના માલિક ભુપેંદરસિંગ અને આશાએ ગાયેલ એતબાર ફિલ્મના 'કિસિ નઝર કો તેરા ઈંતઝાર આજ ભી હૈ' નીરજ પાઠકે ઘેરા અવાજમાં ગાઈ સૌના દિલમા દર્દની એક કસક ઉભી કરી દિધી, દર્શનાએ પણ સ્વાભાવિક સાથ આપ્યો. એ પછી મેલોડીનો બેતાજ બાદશાહ કિશોરકુમારના 'હું અમદાવાદનો રીક્ષાવાળો' અને 'મુંબઈની કમાણી મુંબઈમં સમાણી' કે જે તે વખતના લોકપ્રિય ગીતો હતા એને નીરજે સરસ ન્યાય આપ્યો. કિશોરકુમારના જ મિ. એક્સ ઈન બોમ્બેના 'મેરે મેહબૂબ કયામત હોગી' 'જીંદગી એક સફર હૈ સુહાના અંદાઝ' ની ઓડલી સુંદર રીતે રજુ કરી, નીરજે જ દર્શના સાથે કાર્યક્રમનું શીર્ષક યુગલ ગીત 'ગાતા રહે મેરા દિલ' ગાઈ, વન્સ મોરની તાલીઓ પડાવી. કાર્યક્રમ મધ્યાંતર પાર કરી ચુક્યો, ત્યારે ફરીથી રફીએ ગાયેલ ગઝલ 'મારો હાથ ઝાલીને લઈ જશે' ચિરાગે ખુબસુરતીથી ગાઈ, તુરત રફીને ગીત્તા દત્તના યુગલ સ્વરમાં 'હમ આપકી આંખો મેં' અને 'આંખો હી આંખો મેં ઈશારે હો ગયે' ગાઈ બધાના દિલ જીતી લીધા. આ વખતે એમને સાથ આપ્યો, જ્યોતિ ક્રિશ્ચીયને. અખંડ સૌભાગ્યવતીનું એ જમાનાનું પ્રેમી હૈયાનું રીસામણા મનામણા નું પ્રખ્યાત ગીત 'નઝરના જામ છલકાવી ને, ચાલ્યા ક્યાં તમે?' મુકેશના સ્વરમાં નીરજે ગાયું, જે પ્રેક્ષકોએ ભરપુર માણ્યું. મુકેશ આમ તો ગુજરાતના જમાઈ અને ઘણા મનભાવન ગુજરાતી ગીતો ગાયા છે, પણ આયોજકોએ કરેલ ગીતોની પસંદગી કાબિલે દાદ હતી. મુકેશે લત્તાજી સાથે ગાયેલ, સુંદર ઉપમાઓથી અલંકૃત 'શોર' નું 'એક પ્યારકા નગમા હૈ' નદીના ધીમા પ્રવાહમાં વહેતા જતા હોય એવી અનુભુતિ કરાવી.




મન્નાડેને લત્તાએ ગાયેલ 'યે રાત ભીગી ભીગી' એ શીતળતાનો અનુભવ કરાવ્યો. પણ પછી ચિરાગે મહેન્દ્રકપુરના જ સ્વરમાં 'ધુણી રે ધખાવી અમે તારા નામની' ગાઈ ભક્તિરસમાં દુબાડી દિધા. મહેન્દ્રકપુરના જ આગળના દોરમાં બે યુગલ ગીતો ગુજરાતી 'પાંદડુ લીલુ ને રંગ રાતો' અને હિંદી 'ચલો ઈક બાર ફિર સે અજનબી' ચિરાગ ને દર્શનાએ સુમધુર સ્વરે ગાયા.

ભુપેન્દ્રના 'એકલા જવાય ના' પછી હેમંતકુમારનું 'સોના ને લાગે ક્યાંથી દાગ, સંસારી મનવા' હેમંત કુમારના 'યાદ કીયા દિલને કહા હો તુમ' આશાના 'જાઈયે આપ કહા જાઓગે' ગીતા દત્તના 'તાળીઓના તાલે ગોરી ગરબે ઘુમવા જાયે' ગીતા દતના જ 'તમે થોડા થોડા થાવ વરણાગી ઓ ભાભી' ગીતા દતના જ 'ઓ બાબુજી ધીરે ચલના પ્યારમે જરા સમ્ભલના' આમ એક પછી એક, એક ગુજરાતી ગીતોની અને બીજી હિંદી ગીતોની મેડલીથી કાર્યક્રામમાં જોરદાર જમાવટ કરી દીધેલ. છેલ્લું ગીત, જાણે આખાય કાર્યક્રમની થીમને રજુ કરતુ હોય એમ 'તુ ગંગાકી મૌજમે, જમના કા ધારા, હો રહેગા મિલન' જાણે હિંદી ગુજરાતી ગીતોના સંગમને કે હિંદી ગુજરાતી ગીતોનું મિલન સ્થાન એ પાર્શ્વગાયકનો અવાજ હોય એવું અભિપ્રેત થતું હોય એવું લાગતું હતું. ગાયક કલકારોમાં દર્શના ગાંધી, જ્યોતિ ક્રિશ્ચીયન, નીરજ પાઠકે સુંદર રજુઆત કરી, શ્રોતાઓની દાદ મેળવી. રાજકુમારના 'હોશિયાર...' ગીત સિવાય ચિરાગ દેસાઈ પણ ઉત્તમ રહ્યા. શ્રી તુષાર જોશીએ દરેક ગીતો, કલાકારો વિશે, થીમ વિષે ઘણી માહિતિપ્રદ રજુઆત સાથે વિવિધ રસોનું પાલન કરાવ્યું. શ્રી પંકજ પાઠક અને શૈલેષ ઠાકરનું ત્થા અન્ય કલાકારોનું સંગીત ઉત્કૃષ્ઠ રહ્યું. કલાગુર્જરી માટે આ વર્ષનો સૌ પ્રથમ કાર્યક્રમ વિરલ રહ્યો અને નવી થીમને પણ શ્રોતાઓએ હર્ષપુર્વક આવકારી. આ પહેલાં કલાગુર્જરી અને હોદેદારોએ પ્રસંગને અનુરુપ ટુંકા વક્તવ્યો આપેલ. પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાના પ્રમુખ શ્રી એન. પી. પટેલે શ્રી કુંવરજી બાપાને શ્રધ્ધાંજલિ આપી, નવા સભ્યોને આવકાર્યા. શ્રી મહેન્દ્ર ભાવસારે આભારવિધિ કરી. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી પ્રદિપસિંહ બિહોલાએ કરેલ.

- અશોકકુમાર ત્રિવેદી